A

COMPLETE GLOSSARY

(હજુ સુધી આવા બીજા કોઇપણ છપાયા નથી.)

OF

ALL THE WORDS AND PHRASES

OCCURRING IN

ROYAL READER NO. 1

PUBLISHED AND SOLD BY

Karsondas Narandas Bookseller,

SURAT.

FIFTH EDITION.

Registered under Act XXV of 1867.

SURAT.

Printed at the "DESHI MITRA" Press

1906.

PRICE 6 ANNAS.

FIRST READING BOOK.

First, *a* (ફર્સ્ટ) પેહેલી.
Read-ing, *a.* (રીડિંગ) વાંચવાની
Book, *n* (બુક) ચોપડી.

PART. 1 ભાગ પેહેલો.

The See-saw, હીંચકો.
See-saw. *n.* (સી સૉ) હીંચકો, ચકડોળ.
Look *v.* (લુક) જુઓ.
At me=મારી તરફ.
Up, *adv.* ઉંચે; ઉપર.
Air, *n.* (એર) હવા, વાયુ
In the air=હવામાં.
See, *v.* (સી) જુઓ.
Let go, (લેટ ગો) છુટા મૂકું છું
Both, *a.* (બોથ) બન્ને
Hands, *n* (હૅન્ડઝ) હાથો.
Yet, *adv* (યેટ) તોપણ.
Fall, *v.* (ફૉલ) પડવું
Do not fall=પડતો નથી
Now, *adv.* (નાઉ) હમણા, હવે
John, *n* (જૉન) છોકરાનું નામછે.
You, *pron* (યૂ) તમે
Do try. *v* (ડૂ ટ્રાઇ) યત્નકરો; કોશેશ કરો.
Down, *adv.* (ડાઉન) નીચે.
Care, *n.* (કેઅર) સંભાળ.
Take care=સંભાળ લો.
Hold, *v.* (હોલ્ડ) પકડવું.
Fast, *adv.* (ફાસ્ટ) મજબુતાઇથી
Hold fast=મજબુતાઇથી પકડજો.
While, *adv.* (ઉવ્હાઇલ) જ્યારે.
It, *pron.* (ઇટ) તે
Is, *v.* (ઇઝ) છે
Great, *a.* (ગ્રેટ) ઘણી, મોટી.
Fun, *n* (ફન) રમુજ, ગમત, મજા.
To ride, *inf.* (રાઈડ) બેસવું, ઘોડો કરવો, ઘોડેસ્વાર થવું.

PAGE 8.

THE CAT ON THE TREE.
ઝાડ ઉપરની બિલાડી.

Look at, (લુક ઍટ) જુઓ.
That, *a.* (ધૅટ) પેલી
Cat, *n.* (કૅટ) બિલાડી
High up, *adv.* (હાઇ અપ) ઉંચે.
Good, *a* (ગુડ) ભલી, સારી.
Stay, *v.* (સ્ટે) રહે છે. થોભે છે
House, *n.* (હાઉસ) ઘર
They, *pron* (ધે) તેઓ.
Catch, *v.* (કૅચ) પકડે છે.
Mice, *n.* (માઇસ) ઉંદરો
Rats, *n.* (રૅટસ) મોટા ઉંદરો; ઘૂસો.

But, *conj.* (બટ) પણ
This, *a.* (ધિસ) આ
Climbs, *v.* (ક્લાઈમ્ઝ) ચઢે છે
Trees, *n.* (ટ્રીઝ) ઝાડો
To catch, *inf.* (ટુ કૅચ) પકડવાને
Birds, *n.* (બર્ડ્ઝ) પક્ષિઓ
Kills, *v.* (કિલ્ઝ) મારી નાંખે છે
Eats, *v.* (ઈટસ) ખાઇ જાય છે.
Them, *pron.* (ધેમ) તેમને
There *adv.* (ધેઅર) ત્યાં
Wild, *a.* (વાઇલ્ડ) જંગલી
There are wild cats- જંગલી બિલાડીઓ છે.
Which, *pron* (વ્હિચ) જે
Live, *v.* (લિવ) રહે છે
Woods, *n,* (વુડ્ઝ) જંગલો
Spend, *v.* (સ્પેન્ડ)ગુમાવેછે, કાઢેછે
Most, *a.* (મોસ્ટ) ઘણો ખરો.
Their, *pron.* (ધેર) તેઓનો
Time, *n.* (ટાઇમ) વખત
Where, *adv.* (વ્હેર) જ્યાં
Rob, *v.* (રૅાબ)ચોરે છે, લૂટી લેછે.
Nests, *n.* (નેસ્ટસ) માળા
Like, *a.* (લાઈક) જેવી; માફક
One, *a.* (વન) એક
Like one of them-તેઓમાંની એક જેવી.

PAGE 9
THE BIRD'S SONG.
પક્ષીનું ગાત.

Bird's, *n* (બર્ડ્ઝ) પક્ષીનુ
Song, *n.* (સૅાંગ) ગીત.
Sits *v.* (સિટસ) બેસે છે.
Branch, *n* (બ્રૅન્ચ)ડાંખલી, ડાળી
Near, *a* (નીઅર) પાસે, નજદીક
Its, *pron.* (ઇટ્સ) તેના
Nest, *n.* (નેસ્ટ) માળો.
Hark, *v* (હાર્ક) સાંભળો.
Do hear, *v*(ડૂ હીઅર)સાંભળોછો?
How, *adv.* (હાઉ) કેવું
Sweet, *a.* (સ્વીટ) મધુર, સારૂં.
Swings, *v.* (સ્વિંગઝ) ડોલાં ખાય છે, ઝુલે છે.
To and fro, *adv.* આમ તેમ
Air, *n.* (એર) હવા
Still, *adv* (સ્ટિલ) તોપણ
Sings on, *v.* (સિંગ્ઝ)ગાયા કરેછે.
Does fear, *v.* (ડઝ ફીઅર) બીહે છે, ધાસ્તી રાખે છે.
That, *conj.* (ધૅટ) કે
Will fall, *v.*=પડી જશે
For, *conj.* (ફૅાર) કારણ કે
Knows, *v.* (નોઝ) જાણે છે.
Wings, *n.* (વિંગ્ઝ) પાંખો.
There is one=એકજ જણ છે-
Who, *pron* (હૂ) જે
Cares, *v.* (કેઅર્સ) સંભાળ લે છે
For thee, (ધી) તારી; તારે માટે
Day by day=દરરોજ
His, *pron.* (હિઝ)પરમેશ્વરનો,તેનો
Strong, *a.*(સ્ટ્રૅાંગ)જોરાવર.
Right, *a.* (રાઇટ) જમણો.
Arm, *n.* (આર્મ) હાથ
Keeps,*v* (કીપ્સ)સંભાળેછે,બચાવેછે
Both, *a.* (બોથ) બન્ને

Harm, *n* (હાર્મ) સંકટ, દુઃખ

PAGE 10

THE OLD MAN AND THE DOG

બુઢ્ઢો માણસ અને કુતરો.

Look at, *v.* (લુક ઍટ) જુઓ.
Poor, *a.* (પુઅર) ગરીબ
Old, *a.* (ઓલ્ડ) બુઢ્ઢો.
Man (મૅન) માણસ
Tree, *n.* (ટ્રી) ઝાડ. [પાસે
By the side, (સાઇડ) બાજુએ,
Road, *n.* (રોડ) રસ્તો
Has come *v.* (હૅઝ કમ)આવ્યોછે
Long, *a.* (લૉંગ) લાંબી
Way, *n.* (વે) મજલ
Now, *adv.* (નાઉ) હમણાં
Wants, *v.* (વૉન્ટસ) માગે છે, જોઇએ છે, ગરજ છે
Rest, *n.* (રેસ્ટ) આરામ
Food, *n.* (ફુડ) ખોરાક.
Take *v.* (ટેઈક) લે
Some, *a.* (સમ) કાંઇક; થોડીક
Bread, *n.* (બ્રેડ) રોટલી
Waits, *v.* (વેઇટસ) રાહ જુએછે
Share, *n.* (શેર) ભાગ, પાંતી
Come, *v.* (કમ) આવ
Man, *n.* (મૅન) માણસ
Meat *n.* (મીટ) માંસ
Out of, *prep.*(આઉટ ઑફ)માંથી
Your, *pron.* (યૂઅર) તમારી
Bag, *n.* (બૅગ) કોથળી, ઝોળી
Then, *adv.* (ધેન)પછી, ત્યારપછી
Bit, *n.* (બિટ) કકડો.
Once, *adv.* (વન્સ) એક વખત
Had, *v.* (હૅડ) હતો
Son, *n,* (સન) છોકરો.
Is dead, (ઇઝ ડેડ) મરી ગયો છે.
Lives *v.* (લિવ્ઝ) રહે છે.
Kind, *a.* (કાઇન્ડ) માયાળુ.
Says, *v.* (સેઝ) કહે છે.
As long as, (ઍઝ લૉન્ગ ઍઝ) જ્યાં સુધી. [મેળવશે;
Shall get, *v.* (શૅલ ગેટ)ને મળશે
Let us go—ચાલો આપણે જઇએ
Let us ask,(આસ્ક)ચાલો આપણે પુછીએ.
Jane, *n.* (જેઇન)છોકરીનું નામછે
Shall bring *v.*(શૅલ બ્રિંગ)લાવશે
Warm, *a.* (વૉર્મ) ગરમ.
By, *prep.* (બાઈ) પાસે
Fire, *n.* (ફાયર) દેવતા.
Rest, *v.* (રેસ્ટ) આરામ લેવો.

PAGE 11

MORNING AND NIGHT

Morning, *n.* (મૉરનિંગ) સવાર
Night, *n.* (નાઇટ) રાત
Bright, *a* (બ્રાઇટ) પ્રકાશિત; તેજસ્વી.
Sun, *n.* (સન) સુર્ય, સુરજ.
Is up=ઉગ્યો છે.
Birds, *n* (બર્ડ્ઝ) પક્ષીઓ.
Are up=ઉઠયાં છે.

Hark, *v.* (હાર્ક) સાંભળો.
Do hear, *v.* (ડૂ, હીઅર) સાંભળોછો?
Sing=(To sing)=ગાતાં
Bees, *n.* (બીઝ) મધમાખો
Work, *n.* (ઉવર્ક) કામ.
Are at work=કામ કરવા મંડીછે; કામે લાગી છે.
Have been up=ઉઠી છે.
Time, *n.* (ટાઈમ) વખત
A long time=લાંબો વખત થયાં
Make haste, (મેઈક, હેઈસ્ટ) ઉતાવળ કરો.
That–જેથી કરીને; કે.
May go–જઇએ [સીએ
May watch, *v.* (મે, ઉવૅચ) તપા-
Them, *pron*, (ધેમ) તેમને.
Hive. *n.* (હાઈવ) મધપૂડો.
To rise, *inf.* (રાઇઝ) ઉઠવું
Kneel down, *v.* (નીલ ડાઉન) ઘુંટણીએ પડવું; ઘુંટણવાળી બેસવું
Thank, *v* (થૅન્ક) ઉપકાર માનો.
God, *n* (ગૉડ) પરમેશ્વર
Has kept, *v.* (હેઝ, કેપ્ટ) સંભાળ લીધી છે.
All *a.* (ઓલ) સઘળી.
Through *prep.* (થ્રુ) માં [રાત
All through the night–આખી
Him *pron* (હિમ) પરમેશ્વરને
To bless, *inf* (ટુ બ્લેસ) સુખ આપવાને, આશિર્વાદ દેવાને.
Safe, *a.* (સેઇફ) સહીસલામત.
To keep safe=સહીસલામત રાખવાને.
All day long–આખો દહાડો

PAGE 12

Is down, (ઇઝ ડાઉન) અસ્ત પામ્યો છે.
Red, *a.* (રેડ) રાતું.
Sky, *n.* (સ્કાઈ) આકાશ
West, *n.* (ઉવેસ્ટ) પશ્ચિમ.
Will be, *v.* (ઉવિલ બી) થશે.
Soon, *adv.* (સૂન) જલદીથી; થોડી વારમાં.
Dark, *a.* (ડાર્ક) અંધારૂં,
Rest, *n.* (રેસ્ટ) આરામ
Are at rest=આરામ લેછે; ઉંઘેછે
Each one *pron* (ઇચ, ઉવન) દરેક જણ.
Hides, *v.* (હાઇડઝ) સંતાડે છે.
Head *n.* (હેડ) માથું.
Wings, *n.* (ઉવિંગ્ઝ) પાંખો.
It is time=વખત થયો છે.
Too, *adv.* (ટૂ) વળી.
To say *inf.* (ટુ, સે) કહેવાને.
Good-night, *n* (ગુડ, નાઇટ) રાતની સલામ.
Bed, *n.* (બેડ) બીછાનું, પથારી
Do not go to rest=સુવા જતા નહી; આરામ લેતા નહી
Till, *adv.* (ટિલ) જ્યાં સુધી.
Have knelt, *v.* (હૅવ નેલ્ટ) ઘુંટણીએ પડયા છો.

To pray *inf.* (ટુ પ્રે)પ્રાર્થનાકરવી
To thank, *inf.* (ટુ થૅન્ક) આભાર માનવો.
Love, *n.* (લિવ) પ્યાર
Care, *n.* (કેઅર) સંભાળ
But do not go to rest till you have knelt down to pray to God and to thank Him for all his love and care પરમેશ્વરના સઘળા પ્યાર અને સંભાળને માટે તેનો(પરમેશ્વરનો) આભાર માનવાને, અને તેની(પરમેશ્વરની) પ્રાર્થના કરવાને જ્યાં સુધી તમે ઘુંટણીએ પડો ત્યાં સુધી સુવા જતા નહીં.
To watch *inf.*(ટુ ઉવૉચ)સંભાળ રાખવી, તપાસ રાખવી
Will keep safe=સહીસલામત રાખશે.
Harm, *n.* (હાર્મ) સંકટ; દુઃખ
Will not fear,(ફીઅર)બીહીશ નહી
For, (ફૉર) કારણકે
God, (ગૉડ) પરમેશ્વર
Through night, (થ્રૂ, નાઇટ)રાત્રે
As, (ઍઝ) તેમજ
Light *n.* (લાઈટ) રોશની
While, *adv.* (ઉંહ્વાઈલ) જયારે.
Sleep *v.* (સ્લીપ) ઉંઘવુ
Safe (સેઈફ) સહીસલામત
Watch, *n* (ઉવૉચ)તપાસ, સંભાળ
Will keep (કીપ) રાખશે.
Why, *adv.* (ઉવ્હાય) શાવાસ્તે
Should (શુડ) શૅલનો ભૂતકાળ.

Should fear, *v.* (શુડ, ફીઅર) બીહીવું જોઈએ.
When, *adv.* (ઉવ્હેન)જ્યારે

PAGE 13
THE PET BIRD.
વ્હાલુ પક્ષી.

Jane, *n.* જેઇન) છોકરીનું નામછે
Jane had-જેઇન પાસે હતુ
Pet, *a.* (પેટ) વ્હાલું, માનીતુ
That *pron* (ધૅટ) જે
Kept *v.* (કેપ્ટ) રાખતી
Cage *n.* (કેઇજ) પાંજરૂ
So *ad.* (સો) એવુ
Tame, *a.* (ટેઈમ) હળી ગએલુ.
That *conj.* (ધૅટ) કે
Wouldcome,*v.*(ઉવુડ,કમ)આવતું
To be fed, *P. inf.* (ટુ બી ફેડ) ખાવાને
Her, *pron.* (હર) તેણીના
Hand *n.* (હૅન્ડ) હાથ
It would come to be fed from her hand તે તેણીના હાથમાંથી ખાવાને આવતુ.
Now and then, *adv.*(નાઉ ઍન્ડ ધેન) વારંવાર.
Would let out, *v.* (ઉવુડ, લેટ, આઉટ) બ્હાર કાઢતી.
Would sit-બેસતું
Top, *n.* (ટૉપ) મથાળુ.
(Would) fly, *v.* (ફ્લાઈ) ઉડતું
Round, *prep.*(રાઉન્ડ)આસપાસ.

Room, *n.* (રૂમ) ઓરડો.
Liked, best,(લાઇકડબેસ્ટ)ઘણીજ વ્હાતી હતી; ઘણુંજ પસંદ હતું
To feed, *inf.* (ફીડ) ખવરાવવાને
No one (નો વન) કોઇ નહીં.
Else, *a. or pron.* (એલ્સ) બીજું
Fed, *v* (ફેડ) ખવડાવતું
No one else fed the bird but her=તેણીના સિવાય કોઇ પક્ષીને ખવાડતું નહી.
But, *prep* (બટ) સિવાય
One day,–એક દિવસ.
Aunt *n.* (આન્ટ) કાકી
Sent, *v.* (સેન્ટ) મોકલી.
Box, *n.* (બૉાકસ) પેટી, દાબડો.
Toys, *n.* (ટૉઈઝ) રમકડાં.
New *a.* (ન્યૂ) નવા.
Was pleased, *v* (વૉઝ પ્લીઝડ) ખુશી થઈ
Played, *v.* (પ્લેઇડ) રમ્યા કીધું
All day (ઑાલ ડે) આખો દહાડો.
That day=તે. દહાડે,
Did feed=ખવડાવ્યું
Did not feed,(ફીડ)ખવડાવ્યુંનહી

PAGE 14

Next, *a.* (નેકસટ) બીજે.
Friend, *n.* (ફ્રેન્ડ) સ્નેહી, સાહેલી
To see–મળવાને
Once more, *adv* (વન્સ મોર) એકવાર ફરીથી.
Got, *v.* (ગૉટ) મેળવ્યો, મળ્યો.
Food, *n.* (ફુડ) ખોરાક.
Third, *a* (થર્ડ) ત્રીજે.
Did care=દરકાર કીધી
Did not care, *v.* (ડીડ નૉાટ કેર) દરકાર કીધી નહીં [બધી
So much, *adv,* (સો મચ)એટલી
Went, *v.* (વેન્ટ) ગઈ.
Cage, *n.* (કેઇજ) પાંજરૂં
Nice *a* (નાઇસ) સુંદર. મજેના.
Seed, *n.* (સીડ) બી, બીજ.
Lay, *v.* (લે) પડેલું હતું; પડયું
Dead, *a.* (ડેડ) મુયેલું [હતું
Had died, *v* (હૅડ ડાઈડ)મરીગયું
Want, *n.* (વૉન્ટ) તંગી.
What, (વૉાટ) કેવું.
Pain, *n.* (પેઇન) દુઃખ
Must, have felt, *n.* (મસ્ટ હૅવ, ફેલ્ટ) લાગ્યું હશે.
Girls, *n.* (ગર્લ્સ) છોકરીઓ
Keep in mind(કીપ, ઈન, માઈન્ડ) ધ્યાનમાં રાખવું; યાદ રાખવું.
Sad, *a.* (સૅડ) દીલગીરી ભરેલી.
Tale, *n.* (ટેઈલ) વાર્તા.
Minds *n.* (માઇન્ડઝ) ધ્યાન; મન.
Be kind=માયાળુ થાઓ.
Pets, *n.* (પેટસ) વ્હાલા, લાડકાં.

THE BIRD IN THE WOODS
જંગલ માંહેલું પક્ષી.

Would be shut, *v* (વુડ બી શટ) બંધ થઈશ; ગોંધાઇશ.
Cage (કેઇજ) પાંજરૂં.

Though, *conj* (ધો) જો કે.
Gold, *n* (ગોલ્ડ) સોનું
Should be, (શુડ બી) હોય, હશે
Love best,(લવ,બેસ્ટ)ઘણું ગમેછે
Woods, *n* (વુડ્ઝ) જંગલો
To sing, *inf* (ટુ સિંગ) ગાવું
From tree to tree=એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર.

PAGE 15

LITTLE PUSSY.

ન્હાની બિલાડી.

Love *v* (લવ) ચાહું છું.
Little (લિટલ) ન્હાની.
Pussy (પુસિ) બીલાડી
Coat, *n* (કોટ) વાળની ચામડી, શરીરનું ઢાંકણ
Warm *a.* (વૅાર્મ) ગરમ; હુંફાળી
Don't–Do not
Hurt, *v.* (હર્ટ) ઈજા કરતી; દુઃખ દેવું
She'll–She will
Harm *n.* (હાર્મ) નુકશાન.
She'll do me no harm–તેણી મને ઇજા કરશે નહીં.
I' –I will
Pull, *v* (પુલ) ખેંચવુ.
Tail, *n.* (ટેઇલ) પુછડી
Nor (નોર) અને નહી.
Drive, *v.* (ડ્રાઈવ) હાંકી કઢવું
Away, *adv.* (અવે) દુર.
Very, *adv.* (વેરી) ઘણી.
Gently, *adv.* (જેન્ટલિ) ધીમેથી નરમાસથી.
Will play, *v.* (વિલ પ્લે) રમીશ
By my side–મારી બાજુ
I will give–હું આપીશ
Will love–ચ્હાશે.
Because, *conj* (બીકૅાઝ) કારણકે
Good (ગુડ) ભલી

MY PUSSY.

મ્હારી બીલાડી.

Oh, *interj.* (ઓહ) અરે.
Here, *adv.* (હીઅર) અહીંઆં.
Miss Pussy. *n*, (મિસ, પુસિ)બિલાડીનું બચ્ચું.
She's–She is.
Is drinking, *v.* (ઇઝ ડ્રીન્કિંગ) પીએ છે.
Milk, *n.* (મિલ્ક) દુધ.
Coat *n.* (કોટ) વાળની ચામડી, શરીરનું ઢાંકણ.
Soft, *a.* (સૅાફ્ટ) નરમ.
Glossy, *a.* (ગ્લૅાસિ) ચળકતી
Silk, *n.* (સિલ્ક) રેશમ.
Sips, *v.* (સિપ્સ) ચાટે છે; ચુસેછે.
Lap lap, *n.* (લૅપ લૅપ) જીભ
Then, *adv.* (ધેન) ત્યાર પછી
Wiping, *pre. p.* (વાઈપિંગ) લુછીને
Whiskers. *n.* (વ્હિસ્કર્સ)મુછના શોભીઆ.
Lies down, *v.* (લાઈઝ ડાઉન) સુએછે.
Nap, *n.* (નૅપ) ઉંઘ.

Kitty, *n.*(કિટિ)બિલાડીનું બચ્ચું
Gentle, *a.* (જેન્ટલ) ગરીબ
Right well, *adv.* (રાઇટ ઉવેલ) બરાબર સારી રીતે; ખરેખરી સારી રીતે.
Funny, *a.* (ફનિ) રમુજી, ગમતી
Sure *a.* (સ્યૂર) ખાતરીથી.
I am sure–મારી ખાતરી છે.
I can't–I can not
I can't tell–હું કહી શકતો નથી મારાથી વર્ણન થતું નથી.
Under *prep.* (અન્ડર) નીચે
Sofa, *n.* (સોફા) કોચ
Table *n.* (ટેબલ) મેજ
Bo-peep, *n,* (બો પીપ)નાસો ગો સો, અદુક.
Able *a* (એઈબલ) શક્તિવાન
As well as she is able=જેમ તેનાથી બને છે તેમ.
Dearly, *adv.* (ડીયરલિ)પ્યારથી
Never *adv.* (નેવર) કદી નહી
Did see–જોયાં હોય.
Two, *a.* (ટુ) બે.
Happier, *a.*(હૅપીઅર)વધારેસુખી
Play-mates, *n* (પ્લે મેઈટસ)સાથે રમનારા, સોબતીઓ
Than (ધૅન) કરતાં

PAGE 16

A WEEKAT THE FARM.
ખેતરમાકાઢેલુંએકઅઠવાડીઉં

Week, *n.* (ઉવીક) અઠવાડીઉં
Farm, *n.* (ફાર્મ) ખેતર.
Jane, *n.* (જેઈન) છોકરીનું નામ છે.
Has been, *v.* (હૅઝ, બિન) રહી આવી છે.
For *pre* (ફૉર) સુધી.
Where, *adv.* (ઉ૦હેર) જ્યાં
Aunt, *n.* (આન્ટ) કાકી.
Lives (લિવ્ઝ) રહે છે.
Has come, *v.* (હૅઝ કમ) આવી છે.
Back, *adv.* (બૅક) પાછી.
Much, *a.* (મચ) ઘણું.
To tell, *inf* (ટુ, ટેલ) કહેવાનું.
Saw *v.* (સૉ) જોયું.
Each day, (ઈચ, ડે) દરરોજ.
Maid, *n.*(મેઇડ)કન્યા; કુમારી છોડી
To milk, *inf* (મિલ્ક) દુધ દોહવું.
Gave, *v.* (ગેઇવ) આપતી.
Drink, *n,* (ડ્રિંક) પીવાનુ.
Nice, *a.* (નાઇસ) સુંદર.
Warm, *a.* (ઉવૉર્મ) ગરમ.
Ducks, *n* (ડકસ) બતકો
(to) swim, *inf.* (સ્વિમ) તરવું.
Pond, *n* (પૉન્ડ) તળાવ
Used to throw. *v* (યૂઝડ ટુ થ્રો) નાંખતી.
Bits, *n.* (બિટસ) કકડા.
Bread, *n* (બ્રેડ) રોટલી.
Them, *pron.* (ધેમ) તેમને,
Time, *n.* (ટાઇમ) વખત.
Sight, *n.* (સાઇટ) દેખાવ.
How fast=કેવી ઝડપથી.
Would swim, *v.* (ઉવુડ સ્વિમ) તરતાં.

To get=મેળવવાને.
Each day=દરરોજ.
Too=વળી.
Helped, *v.* (હેલ્પડ) મદદ કરતી.
To feed, *inf* (ટુ ફીડ)ખવાડવાને
Hens *n* (હેન્સ) મરઘીઓ.

PAGE 17

Fear *n.* (ફીઅર) ધાસ્તી; બ્હીક
Close up, (કલોઝ અપ) છેક પાસે
Picked up (પિકડઅપ)ઉંચકીલેતાં
Crumbs, *n.*(ક્રમ્ઝ)રોટલીના કકડા
As fast as=જેટલી ઝડપથી તેટલી.
Let fall=પડવા દેતી; નાંખતી.
Ground *n.* (ગ્રાઉન્ડ) જમીન.
Grass-park, *n.*(ગ્રાસ પાર્ક)ઘાસનું મેદાન.
Sheep, *n.*(શીપ)મેઢાં. Sing શીપ.
Snow (સ્નો) બરફ
White, (ઉવ્હાઈટ) સફેદ,
Snow-white, *a* (સ્નોઉવ્હાઈટ) બરફ જેવાં સફેદ.
Lambs, *n* (લૅમ્ઝ) મેઢાંનાં બચ્ચાં
Played, *v.* (પ્લેઇડ) રમતાં હતાં
Soft, *a.* (સૉફ્ટ) નરમ
Green, *a.* (ગ્રીન) લીલી
Grass *n.* (ગ્રાસ) ઘાસ.
First time, (ફર્સ્ટ ટાઇમ) પહેલી વખત [આવી હતી
Had been, *v.* (હૅડ બીન) રહી
Next time, (નેક્સ્ટ ટાઈમ) બીજી વખત.

Fred, (ફ્રેડ) છોકરાનું નામ છે.
Are to go=જવાના છે.

THE OWL

ઘુવડ.

Owl, *n.* (આઉલ) ઘુવડ.
Is called, *v.*(ઈઝ કૉલ્ડ)કહેવાયછે.
The bird of night=રાતનું પક્ષી.
Light *n.* (લાઈટ)તેજ, અજવાળુ.
Too strong, *n* (ટુ સ્ટ્રૉન્ગ)એટલુ બધું ભારે કે ખમાય નહી.
Too bright, (ટુ બ્રાઇટ) [નહી. એટલું બધું પ્રકાશિત કે જોવાય
Eyes, *n.* (આઈઝ) આંખો.
So he sits-તેથી કરીને તે બેસેછે.
All day long-આખો દહાડો.
Hid, *p, p.*(હિડ)સંતાઇને;છુપાઇને
Hole, *n.* (હોલ) બાકું, કાણું; દર.
Wall, *n.* (ઉવૉલ) દીવાલ.
Out of sight,(સાઈટ)દેખાય નહી તેમ.
As soon as-(જેવી) કે તરતજ
It is night-રાત પડેછે. [જેવું-તેવું
Comes out,*v.*(કમ્સ આઉટ)બાહેર આવેછ.
Flies, *v.* (ફ્લાઈઝ) ઉડે છે.
Round and round,(રાઉન્ડ ઍન્ડ રાઉન્ડ) ગોળ ચક્કરમાં.
Search *n.* (સર્ચ) શોધ.
Mice, *n.* (માઇસ) ઉંદરો.
Small, *a.* (સ્મૉલ) નાનાં

PAGE 18

Wings, *n.* (વિંગ્ઝ) પાંખો..
Do not make=કરતી નથી.
Noise, *n.* (નૉઇઝ) અવાજ;ઘોંઘાટ
So, *adv.* (સો) તેથી.
Do not hear, (હીઅર) સાંભળતા નથી.
Till, (ટિલ) જ્યાં સુધી.
Till he is quite near, જ્યાંસુધી તે છેક પાસે આવે ત્યાંસુધી.
Know, *v.* (નો) જાણુ છે.
Great fear, (ગ્રેટ ફીઅર) મોટી ધાસ્તી. [કાઢે છે.
Find out, *v.*(ફાઇન્ડઆઉટ)શોધી
At day=દિવસે.
Peck at, *v.*(પેકૅટ)ચાંચથીટુંપેછે
Their, *pron.* (ધેર) તેઓના
Might, *n.* (માઇટ) જોર
Half, *a.* (હાફ) અર્ધા.
Blind, *a.* (બ્લાઈન્ડ) આંધળો.
To fight, *inf.* (ટુ, ફાઈટ) લડવું.
Poor, (પૂઅર) ગરીબ.
Fly back, (ફલાઇ, બૅક) પાછું ઉડ
Hole, *a.* (હોલ) દર, બાકું
At fast as you can=જેમ તારાથી બને તેટલી ઝડપથી.

PAGE 19

THE PET GOAT

વ્હાલો બકરો

Ann, *n.* (ઍન) છોકરીનું નામ છે.
Pet, *a.* (પેટ) વ્હાલો.
Goat, *n* (ગોટ) બકરો.
Long, *a.* (લૉન્ગ) લાંબી.
Beard, *n.* (બીઅર્ડ) દહાડી.
Horns, *n.* (હૉર્ન્સ) સીંગડા.
Liked, *v.* (લાઇકડ) ચહાતા.
To feed, *inf.*=ખવડાવવાને.
Nan, *n.* (નૅન) બકરાનું નામ છે.
Would call *v* (વુડ કૉલ) બોલાવતી, બોલાવે.
At once=(વન્સ) એકદમ.
Would look up, *v.* (વુડ લુક અપ) જોતો.
Face, *n.* (ફેઈસ) ચહેરો.
At if=જાણે કે.
To thank, *inf.* (ટુ થૅન્ક)ઉપકાર માનવાને. [હતી.
Had brought, *v.*(હેડ બ્રોટ)લાવી
It would look up in her face, as if to thank her for the good food she had brought to it જેસારોખોરાકતેણીતેનેવાસ્તેલાવી હતી તેને માટે જાણે કે તે તેણીનો આભાર માનતો હોય એમ તેના સામું (તેના ચહેરા સામું)જોતો.
Work, *n.* (વર્ક) કામ.
House, *n.* (હાઉસ) ઘર.
Would go, *v.* (વુડ ગો) જતી.
Would play, વુડ પ્લે) રમતી.

PAGE 20

Liked to play=રમવાને ચ્હાતો

Else, *a, pron.* (એલ્સ) બીજું
Knew, *v.* (ન્યુ) જાણતો.
Who, *pron.* (હુ) કોણ.
Kind, *a.* (કાઇન્ડ) માયાળુ.
Keep in mind=ધ્યાનમાં રાખો.
Mind, *n.* (માઈન્ડ) ધ્યાન.
Will find, *v.* (ઉવિલ ફાઇન્ડ માલુમ પડશે.
Will learn *v.*(ઉવિલ, લર્ન)શીખશે
Soon, *adv.* (સૂન) જલદીથી.
Love, *n.* (લવ) પ્યાર; હેત.
Wins, *v.* (ઉવિન્સ) જીતે છે.

THE STORM તોફાન.

Has been=થયું છે.
Wild, *a.* (ઉવાઇલ્ડ)જબરૂં; જંગલી.
Storm, *n.* (સ્ટૉર્મ) તોફાન.
Ship, *n,* (શિપ) વ્હાણ.
Wreck, *n.* (રેક) ભાંગેલું વહાણ.
Is a wreck=ભાગ્યું છે.
Do you see=તમે જુઓછો?
Men, *n.* (મેન) માણસો.
Cling *v.* (ક્લિંગ) વળગે છે.
Mast, *n.* (માસ્ટ) વહાણનો ડોલ, અથવા કુવો.
Life boat, *n.* (લાઈફ બોટ)ડુબતાં માણસોને કાઢવાનો મછવો.
Has been sent, out. (સેન્ટ) મોકલવામ આવ્યા છે.
To save, *inf.* (સેઇવ)બચાવવાને
Try, *v.* (ટ્રાઇ) કોશેસ કરે છે.
To reach *inf.* (રીચ) પ્હોંચવાને.
Shore, *n.* (શોર) કિનારો.

Row, *v.* (રો) હલ્લેસાં મારો.
Lives, *n.* (લાઇવ્ઝ) જીંદગાની.
For your lives=તમારી જીંદગી બચાવવાને.
Seems, *v.* (સીમ્ઝ) દેખાય છે.
To sink, *inf.*(સિન્ક)ડૂબવું;ડૂબતી
Waves, *n.* (ઉવેવ્ઝ) મોજાં
Down goes=નીચે જાય છે.
Once more, *adv.* (ઉવન્સ મોર) એકવાર વધારે; એકવાર ફરીથી.
Top, *n* (ટૉપ) મથાળુ; ટોચ.
Pull *v.* (પુલ) ખેંચો;હલ્લેસાંમારો

PAGE 21

Here *adv.* (હીઅર) અહીંઆં.
Safe *a.* (સેઇફ) સહીસલામત.
Wreck *n.* (રેક) ભાંગેલું વહાણ.
At last, *adv.* (ઍટલાસ્ટ) આખરે
Are saved *v.*(આર સેવ્ડ)બચ્યાંછે
Kneel down,*v.*(નીલડાઉન)ઘુંટણ મરડીને બેસો.
Thank, *v.* (થૅન્ક) આભાર માનો.
Has saved, *v.*(હૅઝ,સેઈવ્ડ)બચાવ્યા છે.

PAGE 22

ON INSTINCT

પ્રેરણા બુદ્ધિ વિષે.

Instinct, *v.* (ઇનસ્ટિંક્ટ) પ્રેરણા બુદ્ધિ.
Taught, *v.* (ટૉટ) શિખવ્યું.
To build, *inf.* (બિલ્ડ) બાંધવાને

Nest, *n* (નેસ્ટ) માળો.
Wool, *n.* (ઉવુલ) ઊન.
Hay, *n* (હે) સુકું ઘાસ.
Moss, *n* (મૉસ) લીલ.
To weave, *inf.* (વીવ) વણવાને.
Best, (બેસ્ટ) ઉત્તમ રીતે.
Lay, *v.* (લે) મૂકવી;
Twigs, *n.* (ટિવગ્ઝ) ડાળીઓ.
Across, *adv.*(ઍક્રૉઝ)આડીઅવળી
Busy, *a* (બિઝિ) ઉદ્યોગી.
Amongst, *prep.* (અમૅંગ્સ્ટ)માં
Sweetest, *a.*(સ્વીટેસ્ટ)સૌથીમીઠાં
Flowers, *n* (ફ્લાવર્સ) ફુલો.
Lay by, *v.*(લે, બાઈ)ભરી રાખવું;
એકઠું કરવું.
Store, *n* (સ્ટોર) જથ્થો.
Honey, *n.* (હની) મધ.
Winter *n* (ઉવિન્ટર) શિયાળો.
Hours, *n* (અવર્સ) કલાકો.
Ants, *n.* (આન્ટસ) કીડીઓ.
Way, *n.* (ઉવે) રીત.
Their, *pron.* (ધેર) તેઓના.
Narrow, *a.* (નેરો) સાંકડું.
Holes, *n.* (હોલ્ઝ) બાકાં.
To bore, *inf* (ટુ બોર)કાણું પાડવું
Through, *prep.* (થ્રુ) માંથી:
Pleasant, *a.* (પ્લેઝન્ટ) ખુશનુમાં
Summer, *n.* (સમર) ઉનાળો.
To gather up, (ટુ,ગેધર,અપ)
એકઠું કરવું.
Who taught the little ants the way their narrow holes to bore and through the pleasant summer, day togather up their store? નાની કીડીઓને તેઓના સાંકડા દર પાડવાને અને ઉનાળાના ખુશનુમાં દિવસમાં તેઓનો ભંડાર ભરવાને કોણે શીખવ્યું?
'twas=It was
Taught, *v.* (ટૉટ) શીખવ્યું.
Skill, *n.* (સ્કિલ) બુદ્ધિ.
Teaches, *v.* (ટીચીઝ) શિખવે છે.
Children, *n* (ચિલડ્રન) છોકરાંઓ
Pray, *v.* (પ્રે) પ્રાર્થના કરેછે.
To do=બનતવવાને.
Holy, *v.* (હોલિ) પવિત્ર.
Will, *n.* (ઉવિલ) મરજી ઇચ્છા.

PAGE 23

THE GREAT JUMP.

મોટો કુદકો.

Ben, *n.* (બેન) છોકરાનું નામ છે.
May, *n.* (મે) છોકરીનું નામ છે.
Twins, *n.* (ટ્વિન્સ)એકે જન્મેલા.
બચ્ચાં.
Means, *v.* (મીન્સ) એનો અર્થ એકે
They *pron.* (ધે) [illegible]
Same, *a.* (સેઇમ) એકજ.
Age, *n.* (એઇજ) ઉમર.
So tall, (સો ટૉલ) એટલી ઉંચી.
So strong, (સો સ્ટ્રૉંગ) એટલી
મજબુત.
Thought *v,* (થૉટ) વિચાર્યું.
Learned, *v.* (લર્નેડ) શીખી.

Than, *conj.* (ધૅન) કરતાં.
Could jump, *v.* (કુડ, જમ્પ) કૂદી શકતા.
Step, *n.* (સ્ટેપ) પગથીયું.
Stair, *n.* (સ્ટેર) દાદર.
At a time=એકી વખતે.
Held, *v.* (હેલ્ડ) પકડતો.
Rail, *n.* (રેઈલ) કઠેરો.
Proud, (પ્રાઉડ) મંગરૂબ; અહંકારી
Could=Could jump.
Just four years old=ચાર વર્ષના થયાં ત્યારે.
Years, *n.* (ઈયર્ઝ) વર્ષો.
Would be=થઈશ.
Big, *a*, (બિગ) મોટો.
Boy, *n.* (બોય) છોકરો.
Fit, *a* (ફિટ) લાયક.
School, *n.* (સ્કૂલ) નિશાળ.
Fitfor school=નિશાળે જવા લાયક
To talk *inf.* (ટુ, ટૅાક) વાત કરવી.
To boast, *inf.* (ટુ, બોસ્ટ) મગરૂબી કરવી; ફીસીઆરી મારવી.
Things, *n.* (થિંગ્ઝ) ચીજો.
Which, *pron.* (હ્વિચ્ય) જે.
Wise, *a* (વાઈઝ) ડાહો.
Wouldhave said, *v* (વુડ, હેવ, સેઈડ) કહેત.
Can jump, *v* (કૅનજમ્પ) કૂદી શકેછે
A great way, (એ ગ્રેટ વે) ઘણે લાંબે.
Cried. *v.* (ક્રાઈડ) કહ્યું
Now, *adv.* (નાઉ) હમણા.
Four steps, (ફોર સ્ટેપ્સ) ચાર પગ થિયાં.
Hold, *v.* (હોલ્ડ) પકડવું.
At all=તદ્દન.
Dear, *v.* (ડિઅર) વ્હાલા.
Must not try, (મસ્ટ, નૅાટ ટ્રાઈ) યત્ન કરવો જોઈએ નહીં.
Great jump, (ગ્રેટ, જમ્પ) મ્હોટો કૂદકો.
Such, (સચ) એવો.
As that=આના જેવો.

Page 24

Must wait, (મસ્ટ, વેઈટ) થોભવું જોઈએ.
Too wise, *a* (ટૂ, વાઈઝ) ઘણી ડાહી
To boast, *inf.* (ટુ, બોસ્ટ) ફીસીઆરી મારવાને.
I am sure, (સ્યૂર) મારી ખાતરી છે.
Can=Can (jump)
Much more=ઘણું વધારે.
Can=Can (do)
Just now *adv.* (જસ્ટ, નાઉ) હમણાંજ.
Ran up *v.* (રૅન, અપ) ઉપર ચઢ્યો.
Looked down, *v.* (લૂક્ડ, ડાઉન) નીચે જેયું.
High, *a* (હાઈ) ઊંચી.
Place, *n.* (પ્લેઈસ) જગ્યા.
Smile, *n* (સ્માઈલ) ગાલમાં હસવું તે
With a smile=હસીને.
Think. *v.* (થિન્ક) વિચારવું.
As you may think=તમેધારોતેમ, તમારા ધારવા પ્રમાણે.

Cried, *v.* (ક્રાઈડ) બુમ પાડી કહ્યું.
Nose, *n.* (નોઝ) નાક,
Feet, *n.* (ફીટ) પગો.
Was hurt, *v.* (ઉવૉઝ હર્ટ) ઈજાથઈ હતી,
How fast કેટલી ઝડપથી
Bled, *v.* (બ્લેડ) લોહી નીકળ્યું.
Roared, *v* (રોઅર્ડ) બુમ પાડી.
Pain, *n.* (પેઈન) દુ:ખ, દરદ.
Loud. *adv.* (લાઉડ) મોટેથી.
Bull, *n.* (બુલ) આખલો, ગોધો.
Tohelp, *inf.* (ટુ,હેલ્પ)મદદકરવાને
Aunt Jane, (આન્ટ, જેઈન) જેઈન કાકી.

Page 25

Had heard, *v.* (હૅડ હર્ડ) સાંભળી હતી.
Roar, *n.* (રોઅર) બુમ.
Though, *conj.* (ધો) જો કે
Own (ઓન) પોતાના.
Room, *n.* (રૂમ) ઓરડો
Door, *n* (ડૉઅર) બારણું.
Shut, *p. p.* (શટ) બંધ.
May ran to help him up; and so did Aunt Jane who had heard hisloud roar, though she was in her own room, with her door shut મે તેને મદદ કરવાને દોડી ગઇ, અને જેન કાકી જે જો કે બારણાં બંધ કરીને પોતાના ઓરડામાં બેઠી હતી તે પણ તેની મોટી બુમ સાંભળીહતી તેણે પણ તેમજ કીધું (એટલે મદદ કરવાને દોડી ગઈ.)
Could have heard, *v.* (કુડ, હૅવ, હર્ડ) સાંભળી શકી હોત.
Through, *p. ep.* (થ્રૂ) માંથી
Three, *a.* (થ્રી) ત્રણ
Washed, *v.* (ઉવૉશ્ટ) ધોયું.
Bound up, *v.* (બાઉન્ડ,અપ) પાટો બાંધ્યો.
Face, *n* (ફેઇસ) ચ્હેરો.
Had put, *v.* (હૅડ પુટ) મુક્યું હતું.
Oil, *n* (ઑઈલ) તેલ.
Did not get well સારૂં થયું નહી.
For a long time-લાંબા વખત સુધી
Nearly, *adv.* (નીઅરલિ), લગભગ.
Big, *a.* (બિગ) મ્હોટું.
Pear *n,* (પેર) જમરૂખ, પેર.
As red જેવુંજ રાતું.
Comb *n.* (કોમ) માંજર.
Cock, (કૉક) મરઘો.
Week, *n.* (ઉવીક) અઠવાડીયું.
Do you not hope શું તમે આશા રાખતા નથી; શું તમે ધારતા નથી.
Taught, *v.* (ટૉટ) શીખવ્યું.
Less, *a.* (લેસ) થોડી; ઓછી.
To think, *inf.* (ટુ, થિંક) વિચાર કરવો.
Yet, *adv.* (યેટ) હજી સુધી.
Wise, *a.* (ઉવાઈઝ) ડાહ્યો.
Got, *v-* (ગૉટ) મેળવી.
Sense, *n.* (સેન્સ) અક્કલ; બુદ્ધિ.
Head *n.* (હેડ) મગજ.

By the time=જે વખતે.
Came to be five=પાંચ વર્ષનો થવા આવ્યો.
Grief *n.* (ગ્રીફ) દલગીરી.
Who, *pron.* (હુ) જે.
Brags, *v.* (બ્રૅગ્ઝ) પતરાજી કરે છે, ફીસીઆરી મારે છે.
The most, (મોસ્ટ) ઘણી.

PAGE 26

FRISK AND NED

ફ્રિસ્ક અને નેડ.

Frisk, *n.* (ફ્રિસ્ક) છોકરાનું નામછે
Ned, *n.* (નેડ) છોકરાનું નામ છે.
Ned has been at play=નેડેરમ્યા કીધું છે,
Till, *adv.* (ટિલ) જ્યાં સુધી.
Quite, *adv.* (ક્વાઈટ) તદ્દન.
Is worn out, *n.* (ઇઝ ૩વૉર્ન, આઉટ) થાકી ગયો છે.
Step, (સ્ટેપ) પગથીયું.
Goes to sleep. (ગોઝ ટુ, સ્લીપ) ઊંઘી જાય છે.
Brisk, *a.* (બ્રિસ્ક) ચંચળ, ચાલાક.
Ears, *n.* (ઈયર્સ) કાનો.
Up=ઉભા (રાખીને)
Seems, *v.* (સીમ્ઝ) દેખાય છે.
Keep watch.(કીપ ૩વૉચ)સંભાળ રાખવી.
While=જ્યાં સુધી-ત્યાં સુધી.
Sleeps, *v.* (સ્લીપ્ઝ)ઉંઘે છે.
No one=કોઇ નહીં. [ધરશે.
Will dare *v.*(૩વિલ, ડેર)હિમ્મત
To touch, *inf* (ટુ ટચ) અડકવાને
As long as=જ્યાં સુધી.
Half an hour,(હાફ, ઍન અવર) અડધો કલાક.
Wakes, *v*, (૩વેઈક્ઝ) જાગે છે.
Rubs, *v.* (રબ્ઝ) ચોળે છે.
Laugh, *n.* (લાફ) હસવું તે
And has a good laugh as he sees Frisk at his side, અને જ્યારે ફ્રિસ્કને પોતાની પાસે જુએ છે (પોતાની બાજુએ જોઇને). ત્યારે ખડખડ હસવું આવે છે.

PAGE 27

House, *n*(હાઉસ) મકાન, ઘર.
Brings, *v.* (બ્રિંગ્ઝ) લાવી આપેછે.
Bit, *n.* (બિટ) કકડો.
Bread, *n.* (બ્રેડ) રોટલી.
Hind, *a.* (હાઇન્ડ) પાછલા,
Legs, *n.* (લેગ્ઝ) પગો.
Begs, *v.* (બેગ્ઝ) માંગે છે.
While, *adv.* (૩વ્હાઇલ)જ્યારે.
Knee, *n* (ની) ઘુંટણ.
On his knee=ઘુંટણીએ પડીને.
Counts. *v.* (કાઉન્ટસ). ગણે છે.
Throws, *v.* (થ્રોઝ). નાંખે છે

I WILL NOT HURT MY LITTLE DOG.

હું મારા નાના કુતરાને ઇજા કરીશ નહી.

Stroke, *v.* (સ્ટ્રોક) પંપાળવું;હાથ ફેરવવો. [મારવું

Pat. *v v.* (પૅટ) થાબડવું;ધીમેથી

(to) wag, *inf.* (ઉવૅગ) હિલવવું

Tail, *n* (ટેઇલ) પુંછડી.

Fed *p, p.* (ફેડ) ખવડાવેલો.

Thing *n.* (થિંગ) ચીજ.

Very, (વેરી) ઘણી.

Useful (યુસ ફુલ) ઉપયોગી.

Too=વળી.

Don't=Do not

Don'tyouknow=તમેજાણતાનથી?

Will mind, *v.* (ઉવિલ માઇન્ડ) ધ્યાન આપશે.

What=જે તે.

Is bid, *v.* (ઇઝ બિડ) ફરમાવવામાં આવેછે.

Never, *adv.* (નેવર) કદી નહીં.

Nor, *conj*(નૉર) અને નહી

Ever, *adv.* (એવર) કદી.

Treat, *v.* (ટ્રીટ) વર્તવું; ચાલવું.

Kindly, *adv.* (કાઈન્ડલી) માયાથી

Every day, (એવરી ડે) દરરોજ.

He'll=He will.

Again *adv* (અગેન) ફરીથી

PAGE 28

THE LARK.

ચંડુલ પક્ષી.

Three, *a.* (થ્રી) ત્રણ:

Boys, *n.* (બૉયઝ) છોકરાઓ.

Dick, *n.* (ડિક)
Sam, *n.* (સૅમ)
Ned, *n.* (નેડ)
} છોકરાઓનાં નામ છે.

Went out to play=રમવા ગયા.

Fields, *n,* (ફિલ્ડઝ) ખેતરો..

Fine, *a.* (ફાઈન) સુંદર.

Fun, *n.* (ફન) રમુજ.

They had=તેઓને પડી હતી.

Sat down, (સૅટ ડાઉન) બેઠા

To rest, *inf.* (ટુ રેસ્ટ) આરામ લેવાને,

Short, *a.* (શોર્ટ) થોડો, ટુંકો.

Heard, *v.* (હર્ડ) સાંભળ્યું

(to) sing=ગાવું.

How well, (હુવેલ) કેવું સારૂં.

Said, *v.* (સેઈડ) કહ્યું

Must be (મસ્ટ, બી) હોવું જોઈએ.

Quite close, *adv.* (ક્વાઇટ ક્લોસ) છેક પાસે [રહાવું જોઈએ.

Should like, *v.* (શુડ, લાઇક) ચાહુંછું

There, *adv.* (ધેર) ત્યાં

Then. *adv.* (ધેન) ત્યારે.

Soon *adv* (સુન) જલદીથી.

Wish, *n.* (ઉવિશ) મરજી.

So you can soon have your wish–તેથી તમારી મરજી જલદી પાર પડશે.

Where, *adv.* (હ્વેર) ક્યાં.
Sprang up, *v.* (સ્પૅન્ગ, અપ) કુદયો; ઉઠી ઉભો થયો.
Just in time, (જસ્ટ ઇન ટાઈમ) વખતસર.
Rose, *v.* (રોઝ) ઉઠયો; ઉડયો.
Once more, *adv.* (વન્સ મોર) ફરીથી.

PAGE 29

High up, (હાઈ અપ) ઉંચે.
Air, *n.* (એર) હવા.
"Where?" said Dick; and up he sprang, just in time to see the lark as he rose once more high in the air.
ડિકે કહ્યું ક્યાં ? અને જ્યારે ચંડુલ પક્ષી ફરીથી હવામાં ઉંચે ઉડયું ત્યારે વખતસર તેને જોવાને તે ઉઠી ઉભો થયો.
Sweet, *a.* (સ્વીટ) મધુર.
Song' *n.* (સૉન્ગ) ગીત.
Just then, *adv.* (જસ્ટ, ધેન) તરતજ
Saw, *v.* (સૉ) જોયું.
Small, *a.* (સ્મૉલ) ન્હાનો.
Stone, *n.* (સ્ટોન) પત્થર.
Thought, *v.* (થૉટ) વિચાર્યું.
Meant, *v.* (મેન્ટ) ધાર્યું.
To throw, *inf.* (ટુ થ્રો) નાખવાને
Do you mean (મીન) શું તમે ધારોછો.
Yes, (યેસ) હા
Why not (હ્વાય) શાવાસ્તે નહીં
Harm, *n.* (હાર્મ) ઈજા; નુકસાન.
Would be-થશે; થાય.
Want, *v.* (વૉન્ટ) માગું છું.
Can aim, *v.* (કેન એઇમ) તાકીશકું છું
Shame, *v.* (શેઈમ) શરમ.
To kill, *inf.* (ટુ, કિલ) મારીનાંખવું.
That *pro.* (ધૅટ) જે.
Sweet, *a.* (સ્વીટ) મધુર.
Song, *n.* (સૉંગ) ગીત.
If you like-જો તમારી મરજી હોય [તો.
Will show (વિલ, શો) બતાવીશ.
Quite as well as (ક્વાઈટ) તદ્દન તે માફક; તદ્દન તેમજ.
To do ill, (ઈલ) નુકશાન કરવાને.
Made laugh, (મેઇડ લાફ) હસાવ્યા; હસતા કીધા. [દીધા.
Threw down, *v.* (થ્રૂ ડાઉન) નાંખી
Went on-ચલાવ્યું.
Do like, *v.* ચ્હાઉછું જ.
To hear, *inf* (ટુ હીઅર) સાંભળવાને
Glad, *a.* (ગ્લૅડ) ખુશ; રાજી.
Did not try (ટ્રાઇ) કોશેશ કીધીનહીં

PAGE 30

MARY'S LITTLE LAMB.

મેરીનું નાનું મેઢું.

Mary, (મેરી) છોકરીનું નામ છે.
Lamb, *n.* (લૅમ) મેંઢાંનું બચ્ચું.
Fleece, *n.* (ફ્લીસ) મેંઢાં ઉપરનું કાતરેલું ઉન.

White, *a*. (વ્હાઈટ) સફેદ.
Snow, *n*. (સ્નો) બરફ.
Everywhere, *adv*. (એવરીવ્હેર) જયાં જયાં; દરેક ઠેકાણે.
Sure, (શ્યુર) ખચ્ચીત; ખાતરીથી.
Fol'lowed, *v*. (ફૉલોડ પાછળગયુ
School, *n*. (સ્કુલ) નિશાળ [નિકળ્યુ
Against, *prep*. (અગેન્સ્ટ) વિરૂદ્ધ
Rule, *n*. (રૂલ) કાયદો.
Made laugh, (લાફ) હસાવ્યા
It made the children laugh and play to see a lamb at school નિશાળમાંમેઢું જોઈને છોકરાંઓને હસવું આવ્યું નગમતપડી.
Teacher, *n*. (ટીચર) શિક્ષક.
Therefore, *adv*. (ધેરફોર) તેટલા માટે [મૂકયું.
Turned out, *v*. (ટર્ન્ડ આઉટ) કાઢી
Still (સ્ટિલ) તોપણ
Linger'ed, *v*. (લિંગર્ડ) ફર્યાકીધું; રખડયા કીધું.
Grass *n* (ગ્રાસ) ઘાસ.
Played, *v*. (પ્લેઇડ) રમ્યા કીધું
About, *adv* (અબાઉટ) અહીં તહીં
Till, *adv*, (ટિલ) જયાં સુધી.
Did ap'pear, *vi*. (ડિડ એપિઅર) દેખાઇ.

PAGE 31

At once, (વન્સ) એકદમ.
Laid, *v*. (લેઈડ) મૂકયું
Head, *n*. (હેડ) માથું.
Arm, *n*. (આર્મ) હાથ,
As if=જાણે કે
Afriad, *a*. (અફ્રેઇડ) બીધેલું.
Will keep-બચાવશો.
Harm, *n*. (હાર્મ) સંકટ, દુ:ખ.
What makes love-શાથીચ્હાયછે; શા માટે ચાહે છે.
Children, *n*. (ચિલડ્રન) છોકરાંઓ
Cry *v*. (ક્રાઇ) બુમ પાડીને કહે છે.
Loves, *v*. (લવ્ઝ) ચાહેછે.
Did reply, *v*. (ડિડ, રિપ્લાઈ) જવાબ આપ્યો.

ONE THING AT A TIME

એકેકી વખતે, એકેકી ચીજ

At a time-એકી વખતે.
Work, *v*. (ઊવર્ક) કામ કરો.
While, *adv*. (ઉવ્હાઈલ) જયારે.
Play, *v*. (પ્લે) રમો.
Way *n* (ૂવે) રીત.
Cheer'ful, *a*, (ચીઅરફુલ) આનંદી.
Gay, *a* (ગે) ખુશ; આનંદી.
Might, *n*. (માઇટ) જોર; બળ.
Things, *n*. (થિંગ્ઝ) ચીજો.
Done, *p. p* (ડન) કીધેલી
Halves, *n*, (હાવ્ઝ) અડધા.
Are never done-કદી થતી નથી
Right, *a*. (રાઇટ) બરાબર.
Done well-સારી રીતે કીધેલી
Very good (વેરી ગુડ) ઘણો સારો
Rule, *n*. (રૂલ) કાયદો; નિયમ.

Many, (મૅની) ઘણા લોક. [કહેછે.
Can tell, *v.* (કૅન, ટેલ) કહી શકેછે;
Moments, *n.* (મોમેન્ટસ) પળો.
Useless, *a* (યૂસલેસ) નિરૂપયોગી.
Trifled away, (ટ્રાઈફ્લ્ડ અવે) નકાંમી કાઢેલી; ગુમાવેલી.

PAGE 32.

NURSERY RHYMES.

I

છોકરા ઉછેરવાની જગ્યા વિષે કવિતા.

Nursery, *n.* (નર્સરિ) છોકરાં ઉછેરવાની જગ્યા.
Rhymes, *n.* (રાઇમ્સ) કવિતા.
Old, *a.* (ઓલ્ડ) બુઢ્ઢી; ઘરડી
Woman, *n.* (વુમન) સ્ત્રી; બાઈડી
Lived, *v.* (લિવ્ડ) રહેતી હતી.
Shoe, *n* (શૂ) જોડો; આ ઠેકાણે જોડા જેવું મકાન.
So many (મૅની) એટલાં બધાં.
Children, *n*, (ચિલડ્રન) છોકરાંઓ.
Gave *v.* (ગેઇવ) આપતી.
Some, *a.* (સમ) કાંઈક.
Broth, *n.* (બ્રૉથ) સેરવો; રસ.
Without, *pre.* (વિધાઉટ) સિવાય
Any, *a.* (એનિ) કાંઇ,
Bread, *n.* (બ્રેડ) રોટલી.
Whipped, *v.* (વિપ્ડ) ફટકા મારતી; ચાબક મારતી.

Soundly, *adv.* (સાઉન્ડલિ) ખૂબ; જબર; સખત.
Sent, *v.* (સેન્ટ) મોકલતી.
Bed, *n.* (બેડ) બીછાનું

II

Once, *adv.* (વન્સ) એક વખત.
Hop, *v.* (હૉપ) કૂદવું.
Cried, *v.* (ક્રાઈડ) કહ્યું.
Little, *a.* (લિટલ) ન્હાના.
Willstop, *v.* (વિલસ્ટૉપ) થોભશો; ઊભા રહેશો? [હતો.
Was going to say=કહેવા જતો
How do you do=તમે કેમ છો?
Shook *v.* (શુક) હીલવી.
Tail, *n.* (ટેઈલ) પૂંછડી.
Flew away, *v.* (ફ્લુ, અવે) ઉડીગયું
Window, *n.* (વિન્ડો) બારી.

III

Dance, *v.* (ડેન્સ) નાચ.
Baby, *n.* (બેબિ) બચ્ચું.
Little, *a* (લિટલ) ન્હાનું.
Never mind–કાંઇ ફિકર નહીં; કાંઈ નહીં.
Mother, *n* (મધર) મા.
Nigh, *a.* (નાઇ) પાસે.
Crow, *v* (ક્રો) ખડખડ હસ.
Caper, *v.* (કેપર) કૂદવું; નાચવું.
To–સુધી. [ચંદરવો.
Ceiling, (સીલિંગ) સીલિંગ; છાજ
Ground, *n* (ગ્રાઉન્ડ) જમીન
Backwards, *adv.* (બૅક, વર્ડ્ઝ) પાછળ.

Forwards *adv* (ફારવર્ડ્ઝ) આગળ
Round and round, (રાઉન્ડએન્ડ, રાઉન્ડ) ગોળ ચક્કર.
Will sing=ગાશે
Mer'rily, *adv.* (મેરીલિ) ખુશીથી; આનંદથી.
Ding dong ding, (ડીંગ, ડૉંગ ડિંગ)

PART II. ભાગ બીજો.

COUNT TEN=દશ ગણો.

Count, *v.* (કાઉન્ટ) ગણો.
Ten, *a.* (ટેન) દશ
Fred, *n.* (ફ્રેડ) છોકરાનું નામ છે.
Had, got, *v.* (હેડ ગૉટ) મળી હતી
New, *a.* (ન્યૂ) નવી.
Spade, *n.* (સ્પેઈડ) કોદાળી.
Aunt, *n.* (આન્ટ) કાકી.
Had sent, *v.* (હેડ સેન્ટ) મોકલી [હતી.
Small, *a.* (સ્મૉલ) નાની.
Box, *n.* (બૉકસ) પેટી; ડાબડો.
Seeds, *n*, (સીડ્ઝ) બીઆં.
As soon as=જેવો–તરતજ.
To dig, *inf.* ખોદવાને.
Bit, *n.* (બિટ) કકડો
Own, *a*, (ઓન) પોતાના.
Ground, *n.* (ગ્રાઉન્ડ) જમીન.
Back, *n.* (બૅક) પાછલો ભાગ.
Jane, *n.* (જેઇન) છોકરીનું નામ છે
Dug, *v.* (ડગ) ખોદયું.
Stood, *v.* (સ્ટુડ) ઉભો રહ્યો..
Talked *v.* (ટૉકડ) વાત કીધી.
Held, *v.* (હેલ્ડ) ધરી; પકડી.
Did, *v.* (ડિડ) કીધું.
Work, *n.* (ઉવર્ક) કામ.
Will, *n.* (ઉવિલ) મરજી; ઇચ્છા.
Well, *adv.* (ઉવેલ) સારી રીતે.
Let fall, *v.* (લેટ ફોલ) પડવા દીધી.
Lid, *n.* (લિડ) ઢાંકણું
Came off, *v.* (કેઈમ, ઑફ) નીકળી પડયું; ઉપડી પડયું.
Fell out, *v.* (ફેલ, આઉટ) વેરાઇ-ગયાં; નીચે પડયાં.
Good, *a.* (ગુડ) ભલી; સારી.
Kind, *a.* (કાઇન્ડ) માયાળુ.
Girl, *n.* (ગર્લ) છોકરી.
Was vexed, *v.* (વૉઝ વેકસ્ડ) ચીડાઇ ગઇ; ખીજવાઇ ગઈ.
Did not speak (સ્પીક) બોલ્યો નહીં
To her=તેની સાથે.
Cried, *v.* (ક્રાઈડ) કહ્યું.
Why, *adv.* (ઉવ્હાઇ) શા વાસ્તે.
Don't speak=**Do not speak**= બોલતા નથી.

PAGE 34

Wished, *v*, (ઉવિશ્ડ) ઇચ્છયું.
To wait *inf.* (ટુ વેઈટ) થોભવું. રાહ જોવી. [શકું; ગણી શકયો.
Could count *v.* (કુડ, કાઉન્ટ) ગણી
Mean, *v.* (મીન) ધારો છો.
Wish, *v.* (ઉવિશ) ઈચ્છવું.
Once, *adv.* (ઉવન્સ) એક વખત.

Told, *v.* (ટોલ્ડ) કહ્યું.
Before, *prep* (બીફોર) અગાઉ.
Spoke, *v.* (સ્પોક) બોલ્યો.
Ever, *adv.* (એવર) કદી.
Felt, *v.* (ફેલ્ટ) લાગ્યું.
An'gry, *a.* (ઍન્ગ્રિ) ગુસ્સે.
"Oh" said Fred, "aunt once told me to count ten before I spoke, if ever I felt angry" ફ્રેડે કહ્યું, અરે, જો કદી હું ગુસ્સે થાઉં અને બોલું તે પહેલાં કાકીએ મને એક વખત દશ ગણવા કહ્યું હતું.
Know *v*, (નો) જાણું છું.
Oft'-en *adv.* (ઓફન) વારંવાર.
Hast'-y, *a.* (હેસ્ટિ) ઉતાવળો.
Want, *v* (વૉન્ટ) ઈચ્છું છું; માગું છું.
To correct, *inf.* (ટુ, કરેક્ટ) સુધારવી.
My-self, *pron.* (માઇ,સેલ્ફ) મારી જાતે.
Very, *adv.* (વેરી) ઘણો.
Care'-less, (કેરલેસ) બેદરકાર.
To let fall=પડવા દેવો.
Seeds, *n.* (સીડ્ઝ) બીઆં.
Have picked, *v.* (હૅવપીકડ) ઉંચકી લીધા છે.
Again, *adv.* (અગેન) ફરીથી.
Here, *adv.* (હીઅર) અહીઆં.
Read'y, *a.* (રેડી) તૈયાર.
To put, (ટુ, પુટ) રોપવાને, મૂકવાને.

PAGE 35

Were plant'-ed, *v.* (વેર, પ્લૅન્ટેડ) રોપવામાં આવ્યાં હતાં.
Day by day, *adv.* (ડે, બાઈ ડે,) દરરોજ
To watch, *inf* (ટુ વૉચ) તપાસવું.
(To) grow up, *inf* (ગ્રો અપ) ઉગવું.
At last, *adv.* (ઍટલાસ્ટ) આખરે.
Lot, *n.* (લૉટ) જથ્થો.
Green, *a.* (ગ્રીન) લીલાં.
Blades, *n.* (બ્લેઈડ્ઝ) તણખલાં.
Peeped, *v.* (પીપ્ડ) દેખાયા, માલમ પડયાં.
Above, *prep.* (અબવ) ઉપર.
Grew up *v.* (ગ્રુ, અપ) ઉગી નીકળ્યા.
Pret'ty, *a.* (પ્રેટી) સુંદર, શોભીતા.
Flowers, *n.* (ફ્લાવર્ઝ) ફુલો.
Great'ly, *adv.* (ગ્રેઇટલી) ઘણીજ.
De-light', *n.* (ડિલાઇટ) ખુશી.
Chil'dren, *n.* (ચિલડ્રન) છોકરાંઓ (S in child).
Before, *prep.* (બિફોર) અગાઉ.
Hast'y, *a.* (હેસ્ટિ) ઉતાવળો.
Word, *n* (વર્ડ) શબ્દ.
Still, *adv.* (સ્ટિલ) તોપણ.
An'-gry, *a* (ઍન્ગ્રિ) ગુસ્સે.
Again, *adv.* (અગેન) ફરીથી.

MY DOG DASH.

મારો ડૅશ કુતરો.

Once, *adv.* (વન્સ) એકવખત.
Was sto'len, *n.* (વૉઝ સ્ટૉલન) ચોરાયો હતો.
After=પછી.

Aft'er be'-ingaway=બીજી જગ્યા એ રહી આવ્યા પછી.
Months, *n.* (મન્થઝ) મહીના.
Came back=પાછો આવ્યો.
String, *a.*=(સ્ટ્રિંગ) દોરડી.
Tied, *p. p.* (ટાઇડ) બાંધેલી.
Round, *prep.* (રાઉન્ડ)આસપાસ.
Neck, *n.* (નેક) ગરદન.
Had bro'ken away, *v.*(હૅડબ્રોકન અવે)તોડી નાંખીને નાસી આવ્યો હતો; ભાંગી નાંખી હતી.
How, *adv.* (હાઉ) કેવો.
Glad, *a.* (ગ્લૅડ) ખુશી; આનંદી.
Thief, *n.* (થીફ) ચોર.
Was taken, *v.* (ઉવૉઝ, ટેકન) લઇ જવામાં આવ્યો હતો.
Court, *n.* (કૉર્ટ) દરબાર; કચેરી.

PAGE 36

Swore, *v.* (સ્વોર) સોગંદ ખાધાં કસમ દીધા.
Was aske'd, *v.* (ઉવૉઝ આસ્કડ) પુછવામાં આવ્યું હતું.
Could give=આપી શક્યો.
Proof, *n.* (પ્રુફ) સાબીતી.
Mine, *pron.* (માઇન) મારો.
He swore that the dog was his and was asked if I could give any proof that the dog was mine,તે પોતાનો કુતરો છે એમ તેણે સોગંદ ખાધા, અને એ કુતરો મારો છે એવી કુ કાંઈપણ સાબેતી આપી શકીસ કે નહીં તેવિષે મને પુછવામાં આવ્યુ.
Mouth, *n.* (માઉથ) મ્હોડું
Dog's=કુતરાના.
Ears, *n.* (ઇયર્ઝ) કાનો.
Some'-thing, *n.* (સમ થિંગ)કાંઈ
Only, *adv.* (ઓન્લિ) માત્ર; ફકત.
Known, *p. p.* (નોન) જાણીતું; જણાએલું.
Us=અમને.
Two=બે.
At once=એકદમ.
Stood up, *v.* (સ્ટુડ, અપ) ઉભો થયો.
Hind, *a.* (હાઇન્ડ) પાછલા.
Legs=પગો.
Went. through, *v.* (ઉવેન્ટથ્રુ)કરી બતાવી.
Tricks, *n.* (ટ્રિક્સ) કરામત; રમત.
Had taught, *v.* (હૅડ, ટૉટ)શિખવી હતી.
Guid'-ed, *v.* (ગાઇડેડ) ચલાવ્યો.
Stick, *n.* (સ્ટિક) લાકડી.
Set, *v.* (સેટ) મૂકી.
Whole, *a.* (હોલ) આખી.
Roar, *n.* (રોઅર) ઘોંઘાટ; ગડબડ.
Fun, *n.* (ફન) રમૂજ.
Same, *a* (સેઇમ) તેજ.
To make the dog do the same thing=તે કૂતરા પાસે તેજ ચીજ કરવાને.
Shrunk away, *v.* (શ્રન્ક અવે) ધિક્કારથી પાછળ હઠયો.
Would not go=ગયો નહીં.
Judge, *n.* (જજ) ન્યાયાધીશ.

Thief, *n.* (થીફ઼) ચોર.
Was sent, (ઉવૉઝ, સેન્ટ) મોકલ-
વામાં આવ્યો હતો. [ખાનું.
Prison, *n.* (પ્રિઝન) બંદીખાનું; કેદ
Was set free=છૂટો મૂકવામાં આ-
વ્યો;=કીધો.
Free, *a.* (ફ્રી) છૂટો.
Amid, *prep.* (ઍમિડ) વચ્ચે.
Cheers, *n.* (ચીઅર્ઝ) ખુશાલીનો
પોકાર.
People, *n.* (પીપલ) લોક.
Out'-side, *adv.* (આઉટ સાઇડ)
બહાર.
Bound'-ed, *v.* (બાઉન્ડેડ) ગયા.
Mer'ri-ly, *adv.* (મેરિલી) ખુશીથી;
આનંદથી
Home, *n.* (હોમ) ઘર.

PAGE 37.

GOOD NIGHT.

રાતની સલામ.

Lit'-tle, *a.* (લિટલ) નાનાં.
Baby, *a.* (બેબિ) બાળક.
Lay, *v.* (લે) મૂકો.
Pret'-ty, *a.* (પ્રેટી) સુંદર.
Cradle-bed, *n.* (ક્રેડલ, બેડ) ઝો-
ળીનું બીછાનું પારણું.
Shut, *v.* (શટ) બંધ કરો.
Eyes, *n.* (આઇઝ) આંખો.
For, *conj* (ફૉર) કારણ કે.
Light, *n.* (લાઇટ) રોશની, અજવાળુ

Are gone away=જતાં રહ્યાં છે.
Clothes *n.* (ક્લોઝ) કપડાં. (Sing.)
cloth
(Are) tuck'-ed, (ટકડ)=વાળીને
ઉંચે ચઢાવ્યા છે.
Tight, (ટાઇટ) તંગ.
Dear *a.* (ડિયર) વહાલા.
Good-night, *n.* (ગુડ, નાઈટ) રાતની
સલામ.
Yes, *adv.* (યેસ) હા.
Darling, *n.* (ડાર્લિંગ) પ્યારાં બચ્ચાં
Well=સારી રીતે.
Bitter, *a.* (બિટર) કડકડતો, સખત.
Wind, *n* (ઉવિન્ડ) પવન.
Doth blow, *v.* (ડથ બ્લો)=Does
blow,=વાયછે; ફુંકાય છે.
Winter'-s, *n.* (ઉવિન્ટર્સ) શીઆળાનું
Snow, *n.* (સ્નો) બરફ.
Rain, (રેઇન) વરસાદ.
Pat'-ter, *v.* (પૅટર) સડસડ પડેછે
Window, *n.* (ઉવિન્ડો) બારી.
Pane, *n.* (પેઇન) કાચનો તકતો.
Cannot=શકશે નહીં.
(Is) shut, (શટ) બંધ થએલી છે.
Fast, *adv.* (ફાસ્ટ) મજબુત રીતે.
Storm'y, *a.* (સ્ટોર્મી) તોફાની.
Is past, *v.* (ઇઝ, પાસ્ટ) વહીગઈછે;
ગુજરી ગઇ છે. [મચ્છરદાની
Curtains, *n.* (કર્ટેન્ઝ) પડદા.
Warm, *a.* (ઉવૉર્મ) હુંફાળા; ગરમ.
Are-spread, *v.* (આરસ્પ્રેડ) પાથર
વામાં આવ્યા છે.
Cradle-bed, *n* (ક્રેડલબેડ) ઘોડીયું.

Morn'-ing, *n.* (મોર્નિંગ) સવાર.
Shineth, *v*, (શાઇનેથ)=shines= પ્રકાશે છે. [કતી.
Bright, *a.* (બ્રાઇટ) પ્રકાશિત; ચળ

THE MOMENTS. પળો.

Moments, *n.* (મોમેન્ટઝ) પળો.
Fly, *v.* (ફ્લાઇ) જતા રહે છે.
Minute, *n.* (મિનિટ) મિનિટ;
Is gone=ગઈ છે. [અઢીપળ.
Hour, *n.* (અવર) કલાક.
Is run, *v.* (રન) પૂરો થયો છે.
Day, *n.* (ડે) દહાડો.
Is fled, *v.* (ફ્લેડ) વહી ગયો છે.
Night, *n.* (નાઇટ) રાત.
Thus, *adv.* (ધઝ) આ પ્રમાણે.
Flies, *v.* (ફ્લાઇઝ) જતો રહે છે.
Week, *n.* (ઉવીક) અઠવાડીયું.
Month, *n.* (મન્થ) મહીનો.
Year, *n.* (યર) વરસ.

PAGE 38.

THE BOY THAT LIKED PLAY.

રમતિયાળ છોકરો.

Fine, *a.* (ફાઇન) સુંદર.
Sum'mer, *n.* (સમર) ઉન્હાળો.
Very little=ઘણો નાનો.
Was sent, *v.* (ઉવૉઝસેન્ટ)મોકલ વામાં આવ્યો હતો.
Moth'-er, *n.* (મધર) મા.
Knew, *v.* (ન્યુ) જાણતી હતી.
Fond, *a.* (ફૉન્ડ) શોખીલો.
Play, *n.* (પ્લે) રમત.
Sis'ter, *n.* (સિસ્ટર) બેહેન.
Told *v.* (ટોલ્ડ) કહ્યું
Very-warm, (ઉવૅર્મ) ઘણું ગરમ.
It was very warm=ઘણો તાપ પડતો હતો.
Would be=થશે; થાય છે.
Nic-er, *a.* (નાઇસર) વધારે સારૂં.
River-side, *n.* (રિવર-સાઇડ)નદી-નો કીનારો.
Than, *conj.* (ધૅન) કરતાં.
Have, *v.* (હૅવ) પાસેછે; છે.
AfterIhaveseen you to school =તમને નિશાળે જોઇઆવ્યા પછી; નિશાળે મૂકી આવ્યા પછી.
Must go over, (મસ્ટ,ગો,ઓવર) ફરી વળવું જોઇએ.
Town, *n.* (ટાઉન) શેહેર.
To buy, *inf.* (ટુબાઇ)ખરીદકરવાને
Wool, *n.* (ઉલ) ઉન.
Worst'-ed, *n.* (ઉવસ્ટેડ)ઉનનો દોરો
Nee'-dles, *n.* (નીડલ્ઝ) સોયો.
Lot, *n.* (લૉટ) જથ્થો.
Oth'er, *a.* (અધર) બીજી.
Must work=કામ કરવું જોઇએ.
To get, *inf.* (ટુ ગેટ) મેળવવાને.
Money, *n.* (મની) પૈસા.
Food, *n.* (ફુડ) ખોરાક.
Then, *adv.* (ધેન) ત્યાર પછી.

Fly'-ing. *pre. p.* (ફ્લાઇંગ) ફડતી.
Fromflow'erto flow'er,(ફ્લાવર) એક ફુલ ઉપરથી બીજા ફુલ ઉપર.
Should, (શુડ) જોઈએ.
Noth'ing, *n.* (નથિંગ) કાંઇ નહીં.
Les'-sons *n.* (લેસન્ઝ) પાઠો.
Spel'-ling, *n.* (સ્પેલિંગ) જોડણી.
To learn, *inf.* (ટુ લર્ન) શીખવું

PAGE 39

Idle. *a.* (આઇડલ) આળસુ.
Is get'ting, *v.* (ઈઝ,ગેટિંગ)મેળવે છે; એકઠું કરે છે.
Hon'-ey, *n.* (હનિ) મધ.
Wax, *n.* (ઉવૅક્સ) મીણ.
To lay up, *inf.*(ટુ, લે, અપ) ભરી મૂકવું, સંગ્રહ કરવો.
Store, *n.* (સ્ટોર) જથ્થો.
Win'-ter, *n.* (ઉવિન્ટર) શિયાળો.
Flew away, *v.*(ફ્લુ અવે)ઉડીગયું
Hive, *n.* (હાઇવ) મધપૂડો.
In a lit'-tle=થોડીવારમાં.
Heard, *v.* (હર્ડ) સાંભળ્યું.
Sing'-ing, *pr. p* (સિંગિંગ)ગાતાં.
To stay, *inf.* (ટુ સ્ટે) થોભાવાને.
Un'der, *prep.* (અન્ડર) નીચે.
Trees, *n.* (ટ્રીઝ) ઝાડ.
(To) hear, *inf.*(હિઅર)સાંભળવું
Sweet, *a.* (સ્વિટ) મધુર.
Song, *n.* (સૉન્ગ) ગીત. [છે.
Has flown, *v.*(હૅઝ ફ્લોન)ઉડીગયુ
Has pick'ed up, *v.* (હૅઝ પિકડ, અપ) ઉચકયા છે.
Bits, *n.* (બિટસ) કકડા.
Straw, *n.* (સ્ટ્રૉ)ઘાસનું તણખલું; સુકું ઘાસ. [જાય છે.
Is tak'-ing, *v.* (ઈઝ ટેકિંગ) લઈ
Nest, *v.* (નેસ્ટ) માળો.
Has to build, *v.* (હૅઝ ટુ, બિલ્ડ) બાંધવાનો છે.
Feath'-ers, *n.* (ફેધર્સ) પીછાં
Moss, *n.* (મૉસ) સીલ.

PAGE 40

THE BOY THAT LIKED PLAY.

II.

રમતિયાળ છોકરો.

Lik'ed, *v.*(લાઇકડ)ચાહ્યું, ચ્હાતે
They, *pron.* (ધે) તેઓ. [હતો
Had gone, *v.*(હૅડ ગોન)ગયાહતા.
Far, *adv.* (ફાર) દુર; છેટે.
When, *adv.* (ઉહેન) એટલામાં.
Ly'-ing, *pre. p.* (લાઇન્ગ)પડેલો.
Road side, (રોડ-સાઈડ) રસ્તાની બાજુ.
May I not play=શું હું રમું નહી?
Seems, *v.* (સીમ્ઝ) દેખાય છે.
Just then, *adv.*(જસ્ટ ધેન)તરતજ
Gave, *v.* (ગેવ) વગાડી આપી.
Whis'-tle *n.* (ઉહિસલ)સીસોડી.
Loud, *a.* (લાઉડ) મોટેથી.

Start-ed up, *v.* (સ્ટારટેડ અપ) ઉઠયો, ચોંકયો.
Tohelp, *inf.*(ટુ,હેલ્પ)મદદકરવાને
Sheep, *n.*(શીપ)મેઢાં,(Sing)શીપ.
Was driv' ing,(ઉવૅાઝ-ડ્રાઇવિંગ હાંકતો હતો.
Mar'ket, *n.* (મારકેટ) બજાર.
Still further on,*adv.*(સ્ટિલ ફર ધર ઑન) એથી પણ વધારે આગળ.
Horse, *n.* (હૉર્સ) ઘોડો.
Eat'ing, *pre. p.* (ઇટિંગ) ખાતો
It can have nothing to do= તેણે કાંઈ કરવાનું નથી.
Shall go, (શૅલ, ગો) જઈશ.
Went, *v.* (ઉવેન્ટ) ગયો.
For ward *adv.* (ફૉરવર્ડ)આગળ.
Hal'-ter, *n.* (હૅાલટર) હાંસડી; ઘોડાની બાગદોર.
Which, *pron.* (ઉવિચ) જે.
Put on *v.* (પુટ ઓન) પહેરાવી.
Head, *n.* (હેડ) માથું.
Fel'-low, *n.* (ફેલો) માણસ;સખસ
Must plough,*v.*(મસ્ટ પ્લાઉ)હળ ફેરવવો જોઈએ.
Must har'-row, *v.* (મસ્ટ, હૅરો) દાંતાળો ફેરવવો જોઈએ.
Fields, *n.* (ફિલ્ડઝ)ખેતરો.
Oats, *n.* (ઓટસ) એક જાતનું વીલાતી ધાન્ય.
Bar'-ley, *n.* (બાર્લિ) જવ.
Wheat *n.* (ઉવ્હીટ) ઘઉં.

To grind, *inf.* (ટુ,ગ્રાઇન્ડ)દળવું
To sell, *inf.* (ટુ,સેલ) વેચવું.
Money, *n.* (મની) પૈસા.

PAGE 41

Saw, *v.* (સૅા) જોયું.
Every, *a.* (એવરિ) દરેક.
Beast, *n.* (બિસ્ટ) પ્રાણી.
Some-thing, *n.* (સમ થિંગ)કાંઇ.
Sis-ter, *n.* (સિસ્ટર) બેન.
Well=વારૂ.
Shall-learn,*v.*(શૅલ લર્ન)શીખીશ.
Les'-sons, *n.* (લેસન્સ) પાઠો.
Get-home, (ગેટ, હોમ)ઘર જઇશ.
Will al-low'. *v.* (ઉવિલ ઍલાઉ) આપશે; દેશે.
Other, *a.* (અધર) બીજા.
Before, *prep.* (બિફોર) અગાઉ.
Go to bed, (બેડ) સુવા જવું.
Say'-ing, *pre p* (સેઇંગ) કહીને.
Ran off, *v.* (રૅન ઑાફ)દોડી ગયો.
Glad, *a.* (ગ્લૅડ) ખુશી; આનંદી.
To get away=જવાને.
To do=બજાવવાને.
Own *a.* (ઓન) પોતાના.
Er'-rands, *n.* (એરન્ડઝ) સંદેસો.
And her sister was glad to get away to do her own errands=અને તેની બેન પોતાના સંદેશા બજાવવાને (સોંપેલું કામ કરવાને) ખુશીથી ચાલી ગઈ.

PAGE 42
FORGIVE.
માફ કરવું.

For-give', *v.* (ફરગિવ) માફ કરવું.
Dear, *a.* (ડિઅર) વ્હાલી.
Ann. *n.* (એન) છોકરીનું નામ છે.
Said, *v.* (સેડ) કહ્યું.
Jane, *n.* (જેઇન) છોકરીનું નામ છે.
Won't=Would not.
Won't for-give' *v.* (ઉવૉન્ટ ફરગિવ) શું માફ નહી કરો ?
Fred, *n.* (ફ્રેડ) છોકરાનું નામ છે.
Did not mean,(મીન)ધાર્યું નહોતું
To throw, *inf.* (ટુ, થ્રો)નાંખવાને
Ball, *n.* (બૉલ) દડો.
Mud, *n.* (મડ) કાદવ.
Ought, *v.* (ઓટ) જોઇએ.
To have been=થવાને. [સાવધ.
Care'-ful, *a.* (કેરફુલ) સાવચેત;
He ought to have been more careful=તેણે વધારે સાવધ રહેવું જોઇતું હતું.
An'gry, *a.* (ઍન્ગ્રિ) ગુસ્સાવાળો.
Frown, *n.* (ફ્રાઉન) ડોળા કાઢીને દેખાવ કરવો તે; ગુસ્સો
Brow, *n.* (બ્રાઉ) ભવાં.
Of'fend, *v.* (ઑફેન્ડ) માઠું લગાડોછો; ગુસ્સે કરોછો; અપમાન કરો છો.
Tem'per, *n.* (ટેમ્પર) સ્વભાવ.
Can ask=પૂછી શકવું.
To night, (ટુ, નાઇટ) આજરાત્રે.
Sins, *n.* (સિન્સ) પાપો.
How can youaskhim to night to forgive your sins, if you do not forgive your little brother now? જો તમે તમારા નાનાભાઇને હમણા માફ નથી કરતાં, તો આજરાત્રે તમારા પાપની પરમેશ્વર પાસે માફી કેવી રીતે માગી શકશો.?
Broth'-er *n.* (બ્રધર) ભાઇ.
Would be for given',(વુડ, બી, ફરગિવન) માફી મેળવવા ચહાતી હોય.
Let pray, *v.* (લેટ પ્રે) પ્રાર્થના કરવા
Ever, *adv.* (એવર) હમેશાં [દો.
Humb'-ly, *adv.* (અમ્બલિ) નમ્રતાથી; નમનતાઈથી.
Grace, *n.* (ગ્રેઈસ) મહેરબાની.
Be giv'en, *v.* (બી, ગિવન)અપાય
May be ready, *v.*(રેડી)તૈયાર થાય
May be for-given, *v.*(ફરગિવન) માફી મળે.

PAGE 43
SPRING=વસંત ૠતુ.

Spring, *n.* (સ્પ્રિંગ) વસંત ૠતુ.
Is come=બેઠી છે; આવી છે.
Every thing, (એવરિ, થિંગ)દરેક ચીજ.
Is waking, *v.*(ઇઝ,ઉવેકિંગ)જાગેછે.

Win'-ter, *n.* (ઉવિન્ટર) શિયાળો.
Sleep, *n.* (સ્લીપ) ઉંઘ.
Fields, *n.* (ફીલ્ડઝ) ખેતરો.
Are dressed, *v.* (આર ડ્રેસ્ડ) પહેરાવવામાં આવ્યા છે; સણ-ગાર્યાં છે.
Fresh, *a.* (ફ્રેશ) તાજાં.
Robe, *n.* (રોબ) ઝભ્ભો.
Green, *n.* (ગ્રીન) લીલું. (ઘાસ).
Thefieldsare dressed inafresh robe of green, (ધિ ફિલ્ડઝઆર ડ્રેસ્ડ ઇન એ ફ્રેશ રોબ ઑાફ ગ્રીન) ખેતરોને લીલાં તાજાં ઘાસનો ઝભ્ભો પહેરાવ્યો છે (ખેતરોમાં લીલોતરી ઊગી છેતેથી તેઓ લીલાં દેખાય છે).
Buds, *n.* (બડઝ) કળીઓ.
Wild-flowers, *n.* (ઉવાઇલ્ડ, ફ્લાવર્ઝ) જંગલી ફૂલો. (ફરીથી
Once more, *adv.* (ઉવન્સ, મોર)
Begin, *v.* (બિગિન) માંડેછે.
To peep forth, *inf.* (ટુ, પીપ, ફૉર્થ) સેહેજ દેખાવું.
White, *a.* (ઉ્હાઇટ) સફેદ.
Snow'-drop, *n.* (સ્નો, ડ્રૉપ) એક જાતનું ફૂલ (શિયાળા પછી વસંતરૂતુની શરૂઆતમાં જમીન ઉપર બરફ હોયછે તે વખતે પ્હેલ વ્હેલું ફૂલ ઉગે છે તે)
First, *a.* (ફર્સ્ટ) પ્હેલું.
Love'ly, *a.* (લવલિ) સુંદર; શોભીતું.
Among, *prep.* (અમૉંગ) માં.

To get read'y, (રેડી) તૈયાર કરવું.
Sum'mer, *n.* (સમર) ઉનાળો.

PAGE 44

Begin, *v.* (બિગિન) શરૂ કરેછે.
To plough, *inf.* (ટુ પ્લાઉ) ખેડવું
To sow, *inf.* (ટુ સો) વાવવું.
Gar'-dener, *n.* (ગાર્ડનર) માળી.
Digs=ખોદે છે.
Gar'-den=(ગાર્ડન) વાડી.
Warm'-er, *a.* (ઉવૉર્મર) વધારે ગરમ.
Bright'-er *a.* (બ્રાઇટર) વધારે પ્રકાશિત.
Sun-shine, *n.* (સન શાઇન) તડકો.
Full *a.* (ફુલ) ભરેલી; ભરપુર.
Life, *n.* (લાઈફ) જીવ.
Joy, *n.* (જૉય) ખુશાલી; આનંદ.
Every-thing is fulloflife and joy. (એવરી થિંગ, ઇઝ, ફુલ, ઑાફ લાઇફ ઍન્ડ જાય) દરેક ચીજમાં ખુશી અને જીવ પાછો આવ્યો છે.
Soft, *a.* (સૉફ્ટ) ધીમા; નરમ.
Spring, *n.* (સ્પ્રિંગ) વસંતરૂતુ.
Showers, *n.* (શાવર્સ) ઝાપટાં.
Will fall=પડશે. [છાંટવું.
To water, *inf.* (ટુ ઉવૉટર) પાણી
Earth, *n.* (અર્થ) પૃથ્વી.
Make to grow, (મેઈક, ટુ ગ્રો) ઉગાડે છે.
Seeds *n* (સીડઝ) બીઆં.

To bear, *inf.* (ટુ, બેર) આવતાં કરવું, પેદા કરવું; આપવું.
Leaves, *n.* (લીવ્ઝ) પાંદડાં.
Fruit, *n.* (ફ્રુટ) ફળ; મેવો.
It is by the rainand the sunshine that God makes the corn to grow,and the trees to bear leaves and flowers and fruit,પરમેશ્વર જેથી અનાજ ઉગાડે છે, અને ઝાડો ઉપર પાંદડાં, ફુલ અને ફળ આવતાં કરેછે તે વરસાદ અને તડકોછે.(પરમેશ્વર વરસાદ અને તડકાથી અનાજ ઉગાડે છે ને ઝાડો ઉપર પાંદડાં, ફુલ અને ફળ આવતાં કરે છે.
Does, *v.* (ડઝ) કરે છે.
It is the way,(ઈટ, ઇઝ, ધી, ઉવે) તે એજ રીત છે; આ રીતે.
Corn, *n.* (કોર્ન) અનાજ.
Bread, *n.* (બ્રેડ) રોટલી.
Sweet, *a.* (સ્વીટ) મીઠો.
Herbs, *n.* (અર્બ્ઝ) વનસ્પતિ; ભાજીપાલો.
Pleas'-ant, *a.* (પ્લેઝન્ટ) મઝાનો, સ્વાદિષ્ટ.
That=જેથી કરીને. [ખવાડાય
(May be) fed, *v.* (ફેડ) ખાઇએ;
Never, *adv.* (નેવર) કદી નહીં.
Plant, *n.* (પ્લૅન્ટ) રોપો; છોડવો.
Blos'-som, *n.* (બ્લૅાસમ) મ્હોર.
Let us think, (થિંક) ચાલો–આપણે વિચાર કરીએ.

Ever, *adv.* (એવર) હમ્મેશાં.
Thank'-ful, *a.* (થૅન્ક ફુલ)આભારી; ઉપકારી.

PAGE 45
RAIN=વરસાદ.

From, *prep.* (ફ્રૅામ) થી.
Clouds, *n.* (કલાઉડઝ) વાદળાં.
Black, *a.* (બ્લૅક) કાળાં.
Sky, *n.* (સ્કાઇ) આકાશ.
How fast=કેવી ઝડપથી?
Move along, *v.* (મૂવ, એલૅાન્ગ) આગળ ચાલે છે.
Have hid'-den, *v.* (હૅવ, હિડન) ઢાંકી નાંખ્યો છે.
Sun, *n.* (સન) સુરજ.
Have cov'-ered, *v.* (હૅવ કવર્ડ) ઢાંકી નાંખ્યો છે.
Just as, *adv.*(જસ્ટ,ઍઝ)જેમાફક.
Cover, (કવર) ઢાંકવું.
Face, *n.* (ફેઇસ) ચ્હેરો.
Over, *prep.* (ઓવર) ઉપર.
Bit, *n.* (બિટ) કકડો.
Blue, *a.* (બ્લ્યુ) આસમાની.
At all, (ઍટ,ઑલ) તદ્દન
Very dark,(વેરી ડાર્ક)ઘણું અંધારૂ
It will rain=વરસાદ આવશે.
Be-gins', *v.* (બિગિન્સ)શરૂથાયછે.
What, (હ્વૅાટ) કેવાં.
Large, *a.* (લાર્જ) મોટાં.
Drops, *n.* (ડ્રૅાપ્સ) ટીપાં.

Ducks, *n.* (ડક્સ) બતકો.
Shel'-ter, *v.* (શેલ્ટર) છાંયો લે છે.
Them-selves' *prep.* (થેમસેલ્વ્ઝ) તેઓની મેળે.
Under, *prep.* (અન્ડર) નીચે.
The rain is over=વરસાદ બંધ પડયોછે; વરસાદ આવતો નથી.
Only, *adv.* (ઓન્લિ) માત્ર.

PAGE 46

Show'-er, *n.* (શાવર) ઝાપટું
Smell, *v.* (સ્મેલ) વાસ આવે છે
Sweet, *a.* (સ્વીટ) મધુર.
The flow'ers smell sweet, (ધી ફ્લાવર્સ સ્મેલ સ્વીટ) ફુલોમાંથી સુગંધી આવે છે.
Bright, *a.* (બ્રાઈટ) પ્રકાશિત
Shines, *v.* (શાઇન્સ) પ્રકાશે છે.
Again, *adv.* (એગેન) ફરીથી.

NORTH, SOUTH, EAST, WEST.

ઉ-તર, દક્ષિણ, પુર્વ, પશ્ચિમ.

What, (ઙ્વૅાટ) કેટલા.
O'clock, *n.* (ઓકલૅાક) કલાક.
What o'clock is it? (ઉવૅાટ,ઓ કલૅાક, ઈઝ, ઈટ,)કેટલા વાગ્યાછે?
Hen'-ry, *n.* (હેનરી)છોકરાનુંનામછે
Twelve, *a.* (ટ્વેલ્વ) બાર.

Noon *n.* (નુન) બપોર.
It is noon, (નુન) બપોર થયાં છે.
Gar'den, *n.* (ગાર્ડન) વાડી.
Then *adv.* (ધેન) ત્યારે.
Where, *adv.* (ઉહ્વેર) ક્યાં.
Turn *v.* (ટર્ન) ફેરવો.
Face, *n.* (ફેઇસ) ચ્હેરો.
To-wards, *prep.* (ટોઅર્ડ્ઝ)તરફ.
South, *n.* (સાઊથ) દક્ષિણ.
Al'-ways, *adv.* (ઓલ્ડ્વેઝ)હમેશાં.
Left, *a.* (લેફ્ટ) ડાબો.
For-ward, *adv.* (ફૉરવર્ડ)આગળ
East. (ઇસ્ટ) પુર્વ.
Morn'-ing, (મૅારનિંગ) સહવાર.
Light *n.* (લાઇટ) અજવાળું.
When it is go'ing to be light (ઉહ્વેન, ઇટ, ઇઝ, ગોઇંગ ટુ, બી લાઇટ) જ્યારે અજવાળું પડવા માંડે છે ત્યારે.
Must look, *v.* (મસ્ટ લુક) જોઇએ.
Just there, *adv.* (જસ્ટ, ધેર)ત્યાંજ
Get up, (ગેટ અપ) ઉગવું; ઉઠવું.
Rises, *v.* (રાઈઝીઝ) ઉગે છે.

PAGE 47

Turn, *v.* (ટર્ન) ફેરવો.
Back, *n.* (બૅક) પીઠ.
Straight for'-ward, *adv.* (સ્ટ્રેઇટ ફૉરવર્ડ) બરાબર આગળ; બરાબર સામે.
North, *n.* (નૅાર્થ) ઉ-તર.

West, *n.* (ઉવેસ્ટ) પશ્ચિમ.
When it is go'ing to be night (ઉવ્હેન ઇટ, ઇઝ, ગોઇંગ, ટુ, બી નાઈટ) જ્યારે રાત પડવા માંડે છે ત્યારે.
Goes down, *v.* (ગોઝ ડાઉન) નીચે જાયછે; અસ્ત પામેછે.
Sets, *v.* (સેટ્સ) અસ્ત પામે છે.
Clo'ck, *n.* (ક્લૉક) ઘડીઆળ.

WASTE NOT, WANT NOT

બગાડ કરો નહીં (કે જેથી) તંગીમાં આવી પડો.

Must not throw, *v.* (મસ્ટ, નૉટ થ્રો) નાંખી દેવું જોઇએ નહીં.
Floor, *n.* (ફ્લોર) જમીન; પાટીઆંની જમીન.
Crust, *n.* (ક્રસ્ટ) રોટલીનો કકડો.
The crust=જે રોટલીનો કકડો.
Can not eat=ખાઇ શકયો નહીં
Many *a*, (મેની, એ) ઘણાં.
Hun'gry, *a* (હંગ્રી) ભૂખ્યાં.
